# રાજયમાં ૨૪ કલાકમાં ૧૭૦ કેસ વધતા હાહાકાર

## ગુજરાતમાં કોરોના તાંડવ વચ્ચે કેસોની સંખ્યા ૧૦૯૯ થઇ

## અમદાવાદમાં કોરાનાના નવા ૩૨ સહિત ગુજરાતમાં ૭૮ કેસ

ગાંધીનગર, તા.૧૭
અમદાવાદમાં આજે શુક્રવારના દિવસે કોરોના વાયરસના નવા ૭૮ કેસ નોંધાયા હતા. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૦ કેસો પોઝિટીવ આવતા ગુજરાતમાં સંખ્યા વધીને ૧૦૯૯ ઉપર પહોંચી ગઈ છે. કોરોના તાંડવ યથાવત રીતે જારી રહ્યો છે. કેસો અને મોતના આંકડાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા વધીને આજે એક હજારના આંકડાને પાર કરી ગઈ હતી. એકલા અમદાવાદની વાત કરવામાં આવે તો કેસોની સંખ્યા વધીને ૬૨૨ ઉપર પહોંચી ગઈ છે. અમદાવાદમાં હજુ ૨૧ લોકોના મોત થયા છે. અમદાવાદમાં આજે ૩૨ કેસો સપાટી પર આવ્યા હતા. આજે વધુ ત્રણ લોકોના મોત થતા મોતનો આંકડો વધીને હવે ૪૧ ઉપર પહોંચી ગયો છે. રાજ્યમાં હજુ પણ નવ દર્દી વેન્ટીલેટર પર છે. જ્યારે ૯૬૩ દર્દી સ્થિર સ્થિતીમાં છે. કોરોના સામે જંગ જીત્યા બાદ ૮૬ લોકોને હજુ સુધી હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. આજે શુક્રવારના દિવસે અમદાવાદમાં કોરોનાના નવા ૩૨ કેસો સપાટી પર આવ્યા હતા. સુરતમાં ૩૮ અને વડોદરમાં ૦૫ કેસો સપાટી પર આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૩૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે જે પૈકી ૧૭૦ પોઝિટીવ રહ્યા છે. ૨૩૬૫ ટેસ્ટના પરિણામ નેગેટિવ રહ્યા છે. આવી જ રીતે હજુ સુધી ૨૩૪૩૮ ટેસ્ટ કરવામાં આવ્યા બાદ કુલ ૧૦૯૯ ટેસ્ટ પોઝિટીવ રહ્યા છે અને ૨૨૩૩૯ ટેસ્ટ નેગેટિવ રહ્યા છે. મોતનો આંકડો અમદાવાદમાં ૨૧ પર પહોંચ્યો છે. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજયમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદમાં કેસોની સંખ્યા ૬૨૨ ઉપર પહોંચી ચુકી છે જ્યારે એકલા અમદાવાદમાં ૨૧ લોકોના મોત થઈ ચુક્યા છે. જે વિસ્તારમાં વધુ કેસો નોંધાઈ રહ્યા છે તેના પર તંત્રની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે જેમાં તમામ પ્રકારની સુવિધાઓ રાખવામાં આવી છે. લોકડાઉનની સ્થિતિ પ્રવર્તી રહી છે. નિષ્ણાતોના કહેવા મુજબગુજરાતમાં કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે અહીં રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે આજે દેશમાં લોકડાઉનને ત્રીજી મે સુધી વધારી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ હવે લોકોને હાલમાં ઘરમાં જ રહેવાની ફરજ પડી શકે છે.

અમદાવાદ શહેર આસપાસ શિલજ સર્કલ, સનાથન ચોકડી, હાથીજણ, બાકરોલ, કમોડ, અસલાલી બ્રિજ, વકીલ બ્રિજ બોપલ ખાતે પણ ચકાસણી કરવામાં આવી રહી છે. અમદાવાદના જુદા જુદા ઝોનમાં સઘન કામગીરી ચાલી રહી છે. હોમ કોરેન્ટાઈનમાં રહેલા દર્દીઓની સંખ્યા ૧૩૬૮૯ રહી છે. જ્યારે સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઈન રહેલા દર્દીઓની સંખ્યા ૨૦૫૪ રહી છે. કુલ કોરોન્ટાઈન દર્દીઓની સંખ્યા ૧૫૯૧૪ રહી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ ૬૨૨ | વડોદરા ૧૪૨ | સુરત ૧૪૦ | રાજકોટ ૨૮ | ગાંધીનગર ૧૭ | ભાવનગર ૨૬ |
| ગીરસોમનાથ ૦૨ | પોરબંદર ૦૩ | મહેસાણા ૦૪ | પાટણ ૧૫ | કચ્છ ૦૪ | છોટાઉદેપુર ૦૬ |
| પંચમહાલ ૦૮ | જામનગર ૦૧ | મોરબી ૦૧ | સાબરકાંઠા ૦૧ | આણંદ ૨૬ | ભરૂચ ૨૧ |
| દાહોદ ૦૩ | નર્મદા ૧૧ | બોટાદ ૦૧ | બનાસકાંઠા ૦૯ | ખેડા ૦૩ | અરવલ્લી ૦૧ |
| | | | મહીસાગર ૦૧ | | |



## ભિલોડાના કુશાલપુરના ૭૦ વર્ષીય વૃદ્ધાનું કોરોનાથી મોત થતા ભિલોડા બજાર સ્વયંભૂ બંધ

અરવલ્લી જિલ્લાના ભિલોડાના કુશાલપુરા ગામના ૭૦ વર્ષીય વૃદ્ધાનું કોરોનાના કારણે મોત થતા ચકચાર મચી ગઈ છે. અરવલ્લી જિલ્લા કલેકટરના જાહેરનામાં મુજબ ગામના ત્રણ કિ.મી. સુધીના ૧૦ ગામ કન્ટેઈનમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં પ્રવેશ એરિયા પર થર્મલ સ્ક્રિનિંગ ફરજીયાત કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત પરવાનગી સિવાયના વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના ભયથી લોકોએ ગામના પ્રવેશદ્વારોએ આડશ ઉભી કરી અજાણ્યા વ્યક્તિઓ અને વાહનોના પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવી દઈ ગામો પ્રવેશતા રોડ પર સ્થાનિકો ચોકી કરી રહ્યા છે. વૃદ્ધાને કોરોનાનો ચેપ ક્યાંથી લાગ્યો તે શોધવા તંત્રમાં દોડધામ મચી છે. અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગે કુશાલપુરા ગામમાં સહીત આજુબાજુના વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરી તમામ લોકોનું થર્મલસ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે. વૃદ્ધાના પરિવારજનો અને તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરન્ટાઈન કરવા તજવીજ હાથ ધરી છે. વૃદ્ધાને પ્રાથમિક સારવાર આપનાર હિંમતનગર ખાનગી હોસ્પિટલના તબીબ અને સ્ટાફ પણ હોમકોરન્ટાઈન થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. જોકે કોરોના વાયરસને અરવલ્લી જિલ્લામાં ફેલાતો અટકાવવા તંત્રની જોઇએ તેટલી મુસ્તેદી જોવા મળતી નથી. અરવલ્લી જિલ્લાની અંદરના વિસ્તારમાં પોલીસ કડકાઈથી કામ લઈ રહી છે પરંતુ અન્ય જિલ્લામાંમાંથી અરવલ્લીમાં પ્રવેશ કરનાર લોકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને કેટલીક જગ્યાએ ફકત ખાનાપુર્તિ માટે કરવામાં આવી રહી છે. લોકડાઉનના કડક અમલના દેખાડા વચ્ચે કેટલાય લોકોએ અન્ય જિલ્લામાંથી મોડાસા તેમજ અરવલ્લીના અન્ય તાલુકામાં પ્રવેશ કર્યો છે. અરવલ્લી જિલ્લાના મોટાભાગના નગરોમાં કોરોનાએ હજુ પગપેસરો કર્યો નથી ત્યારે જિલ્લાની સરહદો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી કોઈની પણ શેહશરમ કે દયા રાખ્યા વિના તમામની એન્ટ્રી બંધ કરવી જોઈએ.



## લોકડાઉનમાં ફરજની સાથે સાથે ધાનેરા પોલીસ અબોલ પશુ અને લોકોના પેટની પણ ભૂખ સંતોષે છે ધાનેરા પોલીસ

પોલીસ નું નામ આવતા જ લોકો માં ડર પેદા થાય છે પણ જો ધાનેરા પોલીસ ની વાત કરવામાં આવે તો લોકો માં લોકડાઉન દરમિયાન અલગ જ છબી ઉભરી આવી છે.પોલીસ ની લોકો ને વારંવાર વિનંતી અને સરળ શબ્દો માં સમજાવવાની રીત જ લોકો ના દિલ માં ઘર કરી ગઈ છે......સતત કડક ભાષા માં વાત કરતી પોલીસ લોકોએ જોઈ હતી પણ લોકડાઉન આ રીતે સમજાવી ને લોકડાઉન નું પાલન કરવાની રીત લોકો માં પસંદ પડી ગઈ છે. ધાનેરા પોલીસે લોકડાઉન ની શરૂઆત થી જ પોતાના ભાગ નું ભોજન અનેક લોકો ને જઈ ને જમાડયું છે આપ દ્રશ્ય જોઈ રહ્યા છો તે જ ધાનેરા પોલીસ ને વાસ્તવિકતા છે બાળકો પોલીસ ને જોઈ ભોજન લેવા સામે દોડી જાય છે જ્યાં કોઈ સેવાભાવી સંસ્થા ન પહોંચી ત્યાં ધાનેરા પોલીસ પહોંચી ને ભોજન આપી ને સાચા અર્થ માં સેવા નો મંત્ર સાર્થક કર્યો છે....ધાનેરા પોલીસ લોકો ની સાથે સાથે દરરોજ ૧૦ કરતા વધુ ગાયો ને ઘાસ ખવડાવે છે અને લોકો ને પીવાનું પાણી ની સાથે વખત પોતાના ખિસ્સા માંથી રૂપિયા નીકળી ને દવાઓ જરૂરિયત મદ ને ઘર સુધી પહોંચાડી છે..આમ સતત કડક મિજાજ વાળી પોલીસ ની આ સેવા જોઈ લોકો ની પોલીસ પરતે ની લાગણી પણ બદલાઈ છે અને શહેર આજે પોલીસ પર ગર્વ વ્યક્ત કરે છે સતત એકધારી નોકરી અને વાયરશ ના ભય સાથે કામ કરવું બહુ કઠિન હોવા છતાં પણ ધાનેરા પોલીસ ની કામગીરી ઉડી ને આંખે વળગે છે હર ગલી હર ગામ અને હર નાક પર ઉભા પોલીસ નો બંદોબસ્ત જે કોરોના વાયરશ ને હરાવવા માટે મોટું માધ્યમ બનશે.પોતાના પરિવાર ની પોતાની જાત ની ચિતા કર્યા વિના સતત કામ કરતી ધાનેરા પોલીસ સાચા અર્થ માં લોકો ના દિલ માં રિયલ હીરો બની છે

## કોવિડ-૧૯ની સારવાર ફ્રી કરવા મહત્વપૂર્ણનો નિર્ણય

### આરોગ્ય કર્મચારીઓના કોરોના સંક્રમણથી મોતના કેસમાં ૨૫ લાખની મદદ આપવાનો નિર્ણય : સુવિધા પુરી પડાશે

ગાંધીનગર, તા. ૧૭
મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દેશવ્યાપી લોકડાઉન તા. ૩ મે-૨૦૨૦ સુધી લંબાયાની પ્રવર્તમાન સ્થિતીમાં ભારત સરકારે તા. ૨૦ એપ્રિલથી સરકારી કચેરીઓ કાર્યરત કરવાના આપેલા દિશાનિર્દેશોને પગલે રાજય સરકારની કચેરીઓ પણ આ દિશાનિર્દેશોના કેટલાંક નિયમોને આધિન રહીને ફરી કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે. વિજય રૂપાણીએ આ નિર્ણય સાથે જ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય કરતાં જાહેર કર્યુ છે કે પ્રવર્તમાન કોરોના કોવિડ-૧૯ વાયરસના સંક્રમણની સ્થિતીમાં રાજયના નાગરિકોને કોવિડ-૧૯ અંતર્ગત ડેઝિગ્નેટેડ ખાનગી હોસ્પિટલોમાં કોવિડ-૧૯ની સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે. મુખ્યમંત્રીના આ નિર્ણયોની વિસ્તૃત ભૂમિકા મુખ્યમંત્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસના રાજયમાં વધી રહેલા વ્યાપને પગલે અન્ય એક મહત્વનો નિર્ણય લઈને રાજયના તમામ નાગરિકોને કોવિડ-૧૯ અંતર્ગત ડેઝિગ્નેટેડ હોસ્પિટલોમાં કોવિડ-૧૯ની સારવાર વિનામૂલ્યે અપાશે તેમ જાહેર કર્યુ છે. મુખ્યમંત્રીના સચિવે આ સંદર્ભમાં જણાવ્યું કે રાજય સરકારે મહાનગરોમાં ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલ અને જિલ્લામથકોએ ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ કોરોના દર્દીઓની સારવાર માટે કાર્યરત કરી છે. કોરોનાના વધતા સંક્રમણને પગલે રાજયના ૨૬ જિલ્લાઓમાં કુલ ૩૧૦૦ બેડની ક્ષમતા ધરાવતી ૩૧ જેટલી ખાનગી હોસ્પિટલો કોવિડ-૧૯ અંતર્ગત ડેઝિગ્નેટેડ તરીકે સેવાઓ આપી રહી છે. આવી હોસ્પિટલો સાથે હાલ બે મહિનાનું એગ્રીમેન્ટ કરવામાં આવ્યું છે પરંતુ જરૂર જણાયે તેમાં વધારો કે ઘટાડો કરી શકાશે. એટલું જ નહિ, જો જિલ્લા કલેકટરો તેમના જિલ્લામાં વધુ ખાનગી હોસ્પિટલોને ડેઝિગ્નેટેડ કોવિડ હોસ્પિટલો તરીકે શરૂ કરાવે તો આવી હોસ્પિટલમાં પણ વિનામૂલ્યે સારવાર મળશે તેમ અશ્વિનીકુમારે જણાવ્યું હતું. મુખ્યમંત્રીના આ નિર્ણય મુજબ આવી કોવિડ કોરોના ડેઝિગ્નેટેડ ખાનગી હોસ્પિટલમાં ઈન્ડોર અને આઉટડોર તમામ દર્દીઓને સારવાર અને દવાઓ વિનામૂલ્યે અપાશે. તેમણે મુખ્યમંત્રીના આ સંવેદનશીલ નિર્ણયની વધુ વિગતો આપતા કહ્યું કે કોરોનાગ્રસ્ત દર્દીઓ સારવાર લઈને સાજા થયા બાદ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થાય તે પછી પણ પાંચ દિવસ સુધી તેમને ચા, નાસ્તો, બે ટાઈમ ભોજન અને દવાઓ વિનામૂલ્યે અપાશે. કોરોના શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂનાની તપાસ ગર્વમેન્ટ પ્રોટોકોલ પ્રમાણે કરાશે અને તેનો ખર્ચ આવી હોસ્પિટલોને રિએમ્બર્સ કરવામાં આવશે. રાજય સરકાર આવી કોવિડ હોસ્પિટલ માટે પીપીઈ કિટ, એન-૯૫ માસ્ક, ટ્રિપલલેયર માસ્ક અને હાયડ્રોકસીકલોરોક્વિન ટેબ્લેટ પૂરા પાડશે. મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે આવી ડેઝિગ્નેટેડ હોસ્પિટલના આરોગ્યકર્મીનું કોરોના સંક્રમિત થવાથી મૃત્યુ થાય તો રાજય સરકારની જાહેરાત મુજબ ૨૫ લાખની સહાય તેવા આરોગ્યકર્મીને આપશે તેમ મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું હતું.

### કેર સેન્ટર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોલવડા ખાતે કોવિડ કેર સેન્ટર ઉભુ કરવાનો નિર્ણય રાજ્ય સરકારની સૂચનાને પગલે લેવામાં આવ્યો છે. આ કેર સેન્ટરમાં શંકાસ્પદ દર્દીઓને શોધી લાવવામાં આવશે અને ત્યાંજ તેમની તપાસ સહિતની કામગીરી કરવામાં આવશે. કોલવડામાંથી કોરોનામાં એક કેસ મળેલ છે. ગઈકાલે આ કેમ્પસમાં દિપડો પણ આવ્યો હતો જે પણ ચર્ચામાં છે ત્યાં જિલ્લા સત્તાવાળાઓ દ્વારા હવે કોવિડ કેર સેન્ટર ઉભુ કરવામાં આવી રહ્યુ છે.

### આરોગ્ય ચકાસણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાદ જ ઉત્તરવહીના મુલ્યાંકની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેને અનુલક્ષી સેનેટાઈર અને સાબુની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જયારે આ મામલે એકાદ દિવસે શિક્ષણ તંત્ર પણ સતત ચકાસણી પણ કરતુ રહેશે. શિક્ષણ તંત્ર દ્વારા આરોગ્યના પરિબળોને ધ્યાને લઈને પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. જિલ્લા શિક્ષણાધિકારીના જણાંવ્યા મુજબ જિલ્લામાં કોવિડ ૧૯ ને અનુલક્ષી ઉત્તરવહીનુ મુલ્યાંકન કરવા જતા તમામ શિક્ષકોના આરોગ્યની તપાસ કરીને જ પ્રવેશ આપવામાં આવ્યો છે. જયારે જિલ્લાના અંદાજિત ૮ જેટલા કેન્દ્રો પર અંદાજિત ૧ હજાર જેટલા શિક્ષકો ઉત્તરવહીનુ મુલ્યાંક કરી રહ્યા છે. ત્યારે આ મામલે યોગ્ય વ્યવસ્થા તેમજ સલામતી જળવાય તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે.

### બાજ નજર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરીને કોઈ પણ વ્યક્તિ તેની કાયદેસરની મંજુરી મેળવીને પાસ મેળવીને અમદાવાદ જિલ્લામાં કે ગામની બહાર જતી હોય તેવી વ્યકિતઓની યાદી બનાવશે. તેમજ તેવા વ્યકિતઓની સમયાંતરે આરોગ્યલક્ષી ચકાસણી તાલુકા હેલ્થ ઓફિસરની મદદથી કરાવશે. આવા ગામોમાં કોઈ બિન જરૂરી રીતે કે પાસ મેળવ્યા વિના અન્ય લોકોના સંપર્કમાં આવતી વ્યક્તિઓ અંગેની માહિતી પણ સ્થાનિક સુત્રોની મદદથી મેળવશે. બીનજરૂરી હેર-ફેરને પોલીસની મદદ મેળવીને તેમને અટકાવશે અને જરૂર જણાયે ત્યાં દંડનીય કાર્યવાહી પણ હાથ ધરશે. તે ઉપરાંત સંબંધિત ગ્રામ કક્ષાના કર્મચારીઓને માર્ગદર્શન આપી દેખરેખ રાખવી તેમજ કોવીડ-૧૯ નું સંક્રમણ ન થાય તે માટેના જરૂરી તમામ પગલાઓ જેવા કે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું, માસ્ક પહેરવાની અમલવારી, થુંકવાના પ્રતિબંધનો અમલ વગેરે પગલાંઓ ઈન્સીડન્ટ કમાન્ડરશ્રીના માર્ગદર્શન હેઠળ કલસ્ટર અધિકારીશ્રીઓ લેશે. તે ઉપરાંત ગ્રામકક્ષાના કર્મચારીઓ અને કલસ્ટર અધિકારીશ્રીઓ આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. તેવું પણ ગાંધીનગર પ્રાંત અધિકારીશ્રીએ જણાવ્યું છે.

### સરકારી કચેરીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોવિડ-૧૯ ચેપ વાયરસ સાથે સીધા સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીઓ તેમજ કલેકટર, પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાની આવશ્યક સેવાઓ, પોલીસ, અન્ન અને નાગરિક પુરવઠો, ગેસ, ઈલેકટ્રિકસિટી, પાણી પુરવઠા સાથે સંકળાયેલી સંલગ્ન કચેરીઓ વગેરે સેવાઓની કચેરીઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. એટલું જ નહિ, વન વિભાગ હેઠળની કચેરી ઝૂ, નર્સરી, વાઈલ્ડલાઈફ સંબંધિત પ્રવૃતિ અંગે પણ ચાલુ રહેશે.

મુખ્યમંત્રીએ એવો નિર્ણય કર્યો છે કે વર્ગ-૧-૨ના અધિકારીઓએ કામની જરૂરિયાતના આધારે તેમના ખાતા-વિભાગ કે કચેરીના વડાની સુચના મુજબ કચેરીમાં ઉપસ્થિત રહેવાનું થશે અને વર્ગ-૩ અને તેથી નીચેના કર્મચારીઓના સંબંધમાં ૩૩ ટકા સુધીનો સ્ટાફ ઉપસ્થિત રહે તે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે તથા અન્ય અધિકારી-કર્મચારીઓએ વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે.

આ સુચનાઓ સાથોસાથ સોશિયલ ડિસ્ટન્સીંગ અને કર્મચારીઓની આરોગ્ય સલામતિ માટે કેટલીક ચોક્કસ કાર્યવાહી પણ કરવાની રહેશે તેની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે કચેરીના હદ વિસ્તારમાં તમામ વિસ્તારોને, શરીરને હાનિકારક ન હોય તેવા, ચેપરહિત બનાવે તેવા માધ્યમો વડે ચેપરહિત બનાવવાના રહેશે અને આ કામગીરીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/સત્તામંડળની મદદ લઈ શકાશે. દરેક કચેરીના બધાં કર્મચારીઓએ કામના સ્થળે ફરજિયાતપણે માસ્ક/ફેસ કવર પહેરવાનું રહેશે અને વિસ્તારમાં પ્રવેશતા તમામ વાહનો અને યંત્રસામગ્રીને સ્પ્રે કરીને ચેપ રહિત બનાવવામાં આવશે. કામના સ્થળે પ્રવેશતા અને ત્યાંથી વિદાય લેતાં દરેક વ્યકિતનું ફરજિયાત થર્મલ સ્કેનિંગ કરવાનું રહેશે. એટલું જ નહિ, પ્રવેશ તથા બહાર જવાના તમામ સ્થળોએ અને સહિયારા ઉપયોગના વિસ્તારને, હાથ ધોવાની અને સેનેટાઇઝરની વ્યવસ્થા કરવાની રહેશે.

### નિરીક્ષણ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝડપી લીધો હતો. જયારે દિપડાને પાંજરમાં કેદ કર્યા બાદ આજે વનતંત્રએ દિપડાના પગમાર્ક અંગે નિરિક્ષણ કર્યુ હતુ જેના અંતે પાંજરામાં પુરાયેલા દિપડો નદી કીનારાના વિસ્તારમાંથી પેથાપુર બાજુથી આવ્યો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. હાલ આ દિપડાને ગીર ફાઉન્ડેશન ખાતે ઓબર્ઝવેશન હેઠળ રખાયો છે. કોરોનાનો કેસ કોલવડામાંથી નોંધાયા બાદ દિપડાએ આ જ ગામમાં આંટો મારતા દિપડાને અલગથી ઓબર્ઝવેશન હેઠળ રાખવામાં આવ્યો છે.

### પેકેજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન (ટીએલટીઆરઓ-૨) હેઠળ આરબીઆઈ એમએફઆઈ અને એનબીએફસીને ૫૦ હજાર કરોડ રૂપિયા આપશે. શક્તિકાંત દાસે કહ્યું હતું કે, રિઝર્વ બેંકની યોજના કોરોનાના કારણે ગબડી રહેલી અર્થવ્યવસ્થાની ગતિને વ્યવસ્થિત કરવાની છે. ૨૭મી માર્ચના દિવસે જ્યારે પ્રથમ બુસ્ટર લઈને આવ્યા હતા ત્યારે માઈક્રો ઈકોનોમિકની હાલત ખરાબ હતી. નાબાર્ડને ૨૫ હજાર કરોડ રૂપિયા,એસઆઈડીબીઆઈને ૧૫ હજાર કરોડ રૂપિયા અને નેશનલ હાઉસિંગ બેંકને ૧૦ હજાર કરોડ રૂપિયાની સહાયતા આપવાની જાહેરાત કરવામાં આવી છે. એનપીએના નિયમોમાં બેંકોને ૯૦ દિવસની રાહત આપવામાં આવી છે. કેન્દ્રિય બેંકે સ્પષ્ટતા કરી છે કે મોરેટોરિયમયની અવધિને એનપીએમાં ગણવામાં આવશે નહીં.

### અટકી નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોની સંખ્યા ૧૭૪૯ ઉપર પહોંચી છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે હાલત દેશમાં સૌથી વધારે ખરાબ છે. કારણ કે અહીં કેસોની સંખ્યા ૩૦૦૦થી ઉપર પહોંચી ચુકી છે. જ્યારે દિલ્હીમાં કેસોની સંખ્યા ૧૬૪૦ સુધી પહોંચી ગઈ છે. મધ્યપ્રદેશમા પણ કેસોની સંખ્યા ૧૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. તમિળનાડુમાં પણ કેસોની સંખ્યા ૧૦૦૦થી ઉપર છે. ગુજરાતમાં આંકડો એક હજારની નજીક પહોંચી જવા આવ્યો છે. દેશમાં કુલ કોરોના કેસો પૈકી ૮૪ ટકા કેસો માત્ર મહારાષ્ટ્ર, તમિળનાડુ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, કેરળ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાંથી મળ્યા છે.